**જાહેરાત આપ્યા તા. :** ............................ **વર્તમાનપત્ર :** .........................(સુરત આવૃત્તિ)

# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## :: સુકો ઘાસચારો પુરો પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ક્રમ :** ......................

| અ. નં. | ચીજવસ્તુનુ નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ખરીદીની અંદાજીત રકમ (રૂા.) | અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ (રૂા.) | ટેન્ડર ફી (રૂા.) | રસીદ/ડી.ડી. નંબર/તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પશુઓને ખવડાવવા માટે વિવિધ પ્રકારના સુકા ઘાસચારા જેવા કે, ફુલઘાસ ગાંસડીઓ, ભગર બ્રાન, જુવાર કડબ, જુવાર/બાજરી કુટી અથવા કડબ, બાટુ, મગફળી ભુકો/ ડાખળી વગેરે | ઉપલબ્ધતાના ધોરણે બધુ મળી આશરે ૧૦૦ ટન | ૫.૦૦ લાખ | ૨૫,૦૦૦/– | ૫૦૦/– | |

**નોંધ :** આ કોરૂ ટેન્ડર ફોર્મ આપ ન.કૃ.યુ.ની વેબસાઈટ **www.nau.in** પરથી ડાઉનલોડ કરી શકશો પરંતુ તેવા ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ફી ની રકમનો " NAU FUND ACCOUNT " ના નામનો રૂા. ૫૦૦/– નો એક અલગ ડી.ડી. ડીપોઝીટની રકમના ડી.ડી. ઉપરાંત જોડવાનો રહેશે.

**સુકા ઘાસચારા માટે નિયમો અને શરતો :–**

૧) આપનો ભાવ ભર્યા બાદ ઓછામાં ઓછા ત્રણ માસ સુધી માન્ય રહે તે મુજબ આ ટેન્ડર ફોર્મમાં ભરવાનો રહેશે.

૨) આપનો ભાવ આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં ભરી તેમાં માંગ્યા પ્રમાણે સહિ સિકકા કરી તેને બંધ કવરમાં મુકી તેની પર **" સુકાચારાના ભાવ "** એમ લખાણ કરી તેની સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમનો " NAU FUND ACCOUNT " ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ જોડી **તા. ૨૩/૦૭/૨૦૧૪** પહેલા નીચે મુજબના સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

**પ્રતિ,**

**સંશોધન વૈજ્ઞાનિકશ્રી,**
**પશુ સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી–૩૯૬ ૪૫૦**

૩) આપ જે ગ્રેડ/જથ્થા/લોટમાંથી ફુલઘાસ ગાંસડી પુરી પાડવા માંગતા હોય તેમાંથી ઓછામાં ઓછુ ૫.૦૦ કિ.ગ્રા.નું સેમ્પલ ટેન્ડર ખોલવાના દિવસ પહેલા આ કેન્દ્ર ખાતે ફરજીયાત આપવાનુ રહેશે. ખાસ નોંધ લેશો કે સેમ્પલ વગરનુ ટેન્ડર રદ કરવામાં આવશે.

૪) ટેન્ડર ખોલનાર સમિતિ જરૂર જણાયે ન્યુનતમ ભાવવાળી પાર્ટીને વાટાઘાટો માટે બોલાવી શકશે.

૫) ભાવ મંજુર થયા બાદ મોકલતી વખતે તેની ગુણવત્તા બાબતે નીચેના શરતોનું પાલન કરવાનુ રહેશે.

૫.૧) આપ દ્વારા મોકલવામાં આવતો માલ આપે ટેન્ડર ખોલવાના દિવસે આપેલ સેમ્પલ મુજબનો હોવો જોઈએ.

૫.૨) તેમાં ૧૦ % કરતા વધુ ભેજના ટકા ન હોવા જોઈએ. તેના છોડ વાઢેલા એટલે કે મૂળ રહીત હોવા જોઈએ. પરંતુ જો મૂળ સાથેનો માલ આપવામાં આવશે તેવા કિસ્સામાં તેના વજનમાં તેટલી ઘટ ગણી તેટલી રકમ પેમેન્ટમાંથી બાદ કરવામાં આવશે. આ બાબતે કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૫.૩) તે પાતળી દાંડીવાળી, માટી રહીત, ફુગરહિત, પશુના સ્વાસ્થ્યને નુકશાન કરતા ઝેરી ઘાસ રહીત, તેમજ ફુલઘાસ ગાંસડી સિવાય અન્ય પ્રકારના ઘાસ રહીત હોવુ જોઈએ.

૫.૪) તે પલળેલું, સડેલુ, બગડેલુ કે બટાયેલુ ન હોવુ જોઈએ. તેમજ તેમાં ડાળી અને પાંદડી પ્રમાણસરના હોવા જોઈએ.

ઉપરોકત શરત મુજબનો માલ પુરો પાડેલ ન હોય તેવા કિસ્સામાં કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૬) આપે માલ ફકત કચેરી ચાલુ હોય તેવા દિવસો અને કચેરીના કામકાજ દરમ્યાન જ (જાહેર રજા, બીજો–ચોથો શનિવારના દિવસોમાં કચેરી બંધ હોય અને કચેરીના કામકાજના કલાક સવારે ૮:૦૦ થી સાંજે ૫:૧૦) મોકલવાનો રહેશે અને માલનો વજન યુનિવર્સિટી ફાર્મ ખાતેના વે બ્રીજ પર અત્રેના કેન્દ્રના સ્ટોર કર્મચારી/અધિકારી ની હાજરીમાં કરાવવાનો રહેશે અને જે તે ટ્રકના વજન મુજબનું માંગ્યા મુજબ ઉધારબીલ આપવાનું રહેશે.

૭) આપના ભાવપત્રક સાથે આપના PIN/TIN/CST/GST નંબરો અવશ્ય દર્શાવવાના રહેશે.

૮) આપનો ભાવ મંજુર થયેથી આપને ખરીદ ઓર્ડરની તારીખથી દિન–૧૦ માં માલ પૂરો પાડવાની શરૂઆત કરવાની રહેશે અને ઓર્ડર મુજબનો સઘળો માલ બે માસની અંદર પુરો પાડવાનો રહેશે તેમજ ત્યારબાદ આપનું ઉધારબીલ ત્રણ નકલમાં અત્રે રજુ કર્યા બાદ પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે. **નિયત સમયગાળામાં જો આપ પુરો માલ પુરો પાડવામાં નિષ્ફળ જશો તો આપની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને બાકીના માલનો ઓર્ડર પછીના નીચા ભાવવાળી પાર્ટીને આપવામાં આવશે જે જાણશો.**

૯) ટી.ડી.એસ. કપાત જે તે સમયના નિયમોને આધિન રહી જરૂર પડે તો કરવામાં આવશે જેની નોંધ લેવી.

૧૦) જે પાર્ટીના ભાવો મંજુર રહેશે તેની ડિપોઝીટની રકમ ખરીદ કાર્યવાહી પૂર્ણ થયા બાદ નાણાકીય વર્ષના અંતમાં પાર્ટીની માંગણી મુજબ પરત કરવામાં આવશે. જયારે અન્ય ન્યુનતમ ભાવવાળી પાર્ટીઓની ડિપોઝીટ આશરે એક માસ બાદ પરત કરવામાં આવશે. જયારે ટેન્ડર ફી મળવાપાત્ર નથી.

૧૧) અત્રેની કચેરી ખાતે આપના ભાવ મળશે તે વખતે આપે સઘળી શરતો વાંચી છે અને તે તમામ આપને સ્વીકાર્ય છે તેવું માનવામાં આવશે જેથી આપે ભાવ ભરતા પહેલા આ સઘળી શરતો વાંચીને જ ભાવો ભરવાના રહેશે. આપનું ભાવપત્રક સ્વીકારવું, અથવા ભાવપત્રકના અમુક જ ભાવો સ્વીકારવા કે સંજોગોવસાત આખુ ભાવપત્રક રદ કરવાના અધિકાર નીચે સહીં કરનારનો રહેશે તેમજ કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તા મંડળ રહેશે.

**સહી/–**
**સંશોધન વૈજ્ઞાનિક (એલપીએમ)**
**અને યુનિટ હેડ**

## પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

### :: સુકો ઘાસચારો પુરા પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ટેન્ડર ક્રમ : .....................**

**ડી.ડી./રસીદ નં. તારીખ અને વિગત :**

**ખરીદ કરવાની ચીજવસ્તુનુ નામ :**

| અ. નં. | | ચીજવસ્તુનુ નામ અને સ્પેશીફીકેશન | ખરીદીનો અંદાજીત જથ્થો | ભરેલા ભાવ પ્રતિ ટન (રૂા.) |
|---|---|---|---|---|
| ૧ | | પશુઓને ખવડાવવા માટે વિવિધ પ્રકારના સુકા ઘાસચારા જેવા કે, ફુલઘાસ ગાંસડીઓ, ભગર બ્રાન, જુવાર કડબ, જુવાર/બાજરી કુટી અથવા કડબ, બાટુ, મગફળી ભુકો/ ડાખળી વગેરે સાથે સામેલ શરતો મુજબ અને આપે રજુ કરેલા સેમ્પલ મુજબની ગુણવત્તાવાળો માલ અત્રેના કેન્દ્ર ખાતે FOR અને સઘળા ટેક્ષ સાથે ગોડાઉનમાં સીંચવા અથવા ગંજી ખડકવા સાથેના ભાવ<br>નોંધ : નીચે દર્શાવેલા ચારા પૈકી આપ જે ચારો પુરો પાડવા માંગતા હોવ તેની સામે જ ભાવ લખવા. આપના તરફથી કોઈ શરતો હોય તો તે લેખિતમાં લખવી. | ૧૦૦ ટન | |
| | ૧.૧ | ફુલઘાસ ગાંસડી | | |
| | ૧.૨ | ભગર બ્રાન | | |
| | ૧.૩ | જુવાર કડબ | | |
| | ૧.૪ | જુવાર/બાજરી કુટી | | |
| | ૧.૫ | મગફળી ભુકો/ડાળખી | | |

પાર્ટીના સહી/સિકકા :

**માલીકનુ નામ અને સરનામુ :**

**કોન્ટેકટ નંબર :**

**PIN/TIN/CST/GST નંબરોની વિગત :**